**<u>મહે. સુરતના ૦૯માં એડી. સીવીલ જજ અને જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, સુરત</u>**

**<u>ફોજદારી કેસ નંબર 21094 સને 2025</u>**
**આંક – 5**

**ફરીયાદીઃ –** **શ્રી સરકાર**
**વિરૂધ્ધ**
**આરોપીઃ –** **પરીમલકુમાર ધનજીભાઈ પટેલ**

**ગુનોઃ –** **બી.એન.એસની કલમ ૨૨૩ મુજબ**

**<u>–: ઠરાવ :–</u>**

(૧) આ કામના આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ–૨૨૩ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો આચરવાનો આક્ષેપ છે. આરોપીને કેસ પેપર્સની નકલો મળી ગયાની ખાતરી કરી તેમના વિરૂધ્ધના ગુન્હાની હકીકત વાંચી, સંભળાવી ગુના સબબની પ્લી લેતા ઉપરોકત આરોપીએ પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનુ જણાવી, આરોપીએ અલગથી ગુના કબુલાત પુરસીસ પણ આ કામે રજુ કરેલ છે.

(૨) સદર કામના કેસ પેપર્સ વંચાણે લીધા. કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લીધી. આરોપીની ગુન્હા કબુલાત અને તે અંગેની પુરસીસ વંચાણે લીધી. તેમજ ***નામ. ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવરચંદ હરચંદજી ઠાકોર, ૨૦૦૫(૧), જી.એલ.આર. પાના નં.૭૦૯ તેમજ રમેશચંદ્ર ભીખાલાલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૧૩(૨) જી.એલ.આર. પાના નં.૯૭૪*** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાઓ વંચાણે લીધા. સદર કામે આરોપીએ ગુન્હાની કબુલાત આપેલ છે, જે તેમની સ્વેચ્છાપુર્વક અને કોઈપણ પ્રકારના દબાણ વગર આપેલ છે. આમ, આરોપીની સ્વેચ્છાપુર્વકની કબુલાત તેમજ કબુલાત પુરસીસમાં જણાવેલ કારણો ધ્યાને લેતાં, આરોપીની કબુલાત ન માનવાને કોઈ કારણ નથી. વધુમાં નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા ઉપરોક્ત બંને ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાતો ધ્યાને લેતા તથા કેસના સંજોગો ધ્યાને લેતાં આરોપીને કાયદામાં જણાવેલી સજા કરતા ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે અને સચવાશે તેવુ આ અદાલતનુ નમ્રપણે માનવુ છે. જેથી, ઉપરોક્ત તમામ હકીકતો અને સંજોગો લક્ષમાં લેતાં ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

આરોપીને બી.એન.એસ.એસ.૨૭૫ અન્વયે તેમની સામેના બી.એન.એસ.ની કલમ–૨૨૩ મુજબના ગુન્હામાં દોષીત ઠરાવી રૂપિયા ૧૦૦૦/– (અંકે રૂ.એક હજાર રૂપીયા પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામમાં આરોપી જામીન તથા જામીનખત રદ કરવા.

આજરોજ તા. ૦૮ મી, માહે માર્ચ સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં હુકમ જાહેર કર્યો.

સ્થળ : સુરત.
તારીખ : ૦૮/૦૩/૨૦૨૫

**(એસ.ડી.રાજ)**
**૦૯ માં જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ,**
**સુરત.**
**યુનીક આઇ.ડી.કોડ નં. જીજે૦<u>૧૬૫૫</u>**